દદાખલ તારીખ:૦૬/૦૬/૨૦૧૭
રજુ તારીખ :૦૬/૦૬/૨૦૧૭
ફેંસલ તારીખ :૨૬/૦૨/૨૦૧૮
સમય ગાળો:વર્ષ:૦૦માસ:૦૮દિવસ:૨૦

**********************************************************************

**મે.પંચમહાલના જીલ્લાના ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમા, મુ.હાલોલ.**

**********************************************************************

**સેશન્સ કેસ નં.૧૩૪/૨૦૧૭**
**(જુનો સે.કે.નં.૭૭/૧૭)**

**આંક-૪૮**

**<u>ફરીયાદી</u>:** શ્રી સરકાર...

**વિરુધ્ધ..**

| **<u>આરોપી:</u>** | **<u>ઉ.વ.</u>** | **<u>ધંધો</u>** | **<u>રહેવાસી</u>** |
|---|---|---|---|
| ૧.શાહરુખખાન ફીરોજખાન મકરાણી | ૨૩ | નોકરી | ટેકરા ફળીયુ,મુ.બાસકા, તા.હાલોલ,જિ.પંચમહાલ |
| ૨.આમીર ઉર્ફે તન્નુ ઉર્ફે તનવીર મહેબુબખાન પઠાણ | ૨૨ | નોકરી | ખોખર ફળીયુ,ખસ્બા, તા.હાલોલ,જિ.પંચમહાલ. |

**********************************************************************

**ગુનો: ઈ.પી.કોડની કલમ-૩૭૯,૪૧૩,૪૧૧,૧૨૦(બી),૧૧૪ મુજબ.**

**********************************************************************

---

શ્રી સરકાર તરફે : વિ.એ.પી.પી. સુશ્રી એલ.આર.શેઠ
આરોપીઓ તરફે : વિ.વ.શ્રી કે.ડી.મલેક

---

**ઠ રા વ**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આરોપીઓએ આ ગુનાના અન્ય આરોપી જુબેર ફીરોઝખાન મકરાણી, રહેવાસી– બાસ્કા તા. હાલોલ તથા શાહરુખ ઉર્ફે લાલો રહેમાનખાન પઠાણ, રહેવાસી– કવાંટ નસવાડી ચોકડી પાસે, તા. કવાંટ, જિ. છોટાઉદેપુર નાઓ સાથે મળી વાહન ચોરી કરવાનું એકબીજા ની મદદગારીમાં કાવતરુ રચી તા: ૧/૧/૧૭ ના કલાક ૨૨–૦૦ થી તા: ૨/૧/૧૭ ના કલાક ૬–૦૦ દરમ્યાન મોજે પાવાગઢ બાયપાસ રોડ ઉપર કે.જી.એન.પાર્ક મોતીમહલ હોટલની પાછળ હાલોલ મુકામે જઈ આ કામના ફરીયાદી ઝાહીદહુસેન અબ્દુલજબ્બાર કુરેશી, રહેવાસી– પાવાગઢ બાયપાસ રોડ, કે.જી.એન.પાર્ક, મોતી મહલ હોટલની પાછળ, હાલોલનાઓની માલિકીની ગાડી નં. જી.જે. ૦૬ એબી ૨૫૬ જેનો એન્જીન નંબર 2019725 તથા ચેસીસ નં. 1435471 જે મોડલ સને ૨૦૦૦ નું જેની કિંમત રૂા. આશરે ૪૫,૦૦૦/–(અંકે રૂપિયા પિસ્તાલીસ હજાર પુરા) જે ફરીયાદીએ ઘરના આગળના ભાગે મુકેલ તે ત્યાંથી અપ્રમાણિક ઈરાદા સહ ફરીયાદીની જાણ કે સંમતિ વગર ચોરી કરી લઈ ગયેલ છે. તે જ રીતે બંને આરોપીઓએ આ ગુનાના ઉપર જણાવેલ અન્ય બે આરોપીઓ તથા આ ગુનાના અન્ય આરોપી મહમદ સાદીક ઉર્ફે મીમભાઈ મહમદહનીફ પઠાણ રહે– સીગનલ ફળીયા મેદા પ્લોટ ગોધરા તથા હાલોલ કરીમ કોલોની સાથે મળી ચોરી કરેલા વાહનો ચોરીના હોવા છતાં તે આરોપી મહમદ સાદીક પઠાણને વેચાણ

આપવાનો અને તે આરોપીએ તે વાહન ચોરીના હોવા છતાં અન્ય આરોપીઓ પાસેથી ખરીદ કરેલાનું એકબીજાની મદદગારીમાં કાવતરુ રચેલ અને આરોપીઓએ તથા આરોપી જુબેર ફીરોઝખાન મકરાણી, રહેવાસી– બાસ્કા તા. હાલોલ તથા શાહરુખ ઉર્ફે લાલો રહેમાનખાન પઠાણ, રહેવાસી– કવાંટ નસવાડી ચોકડી પાસે, તા. કવાંટ, જિ. છોટાઉદેપુર નાઓએ આ ગુનાના કામમાં ચોરી કરેલ મુદ્દામાલ ગાડી તેમજ હાલોલ પો. સ્ટે. ફ.ગુ.રજી.નં. ૬/૧૭, ઈ.પી.કો. કલમ ૩૭૯ તથા હાલોલ પો. સ્ટે. ફ.ગુ.રજી.નં. ૨૧/૧૭, ઈ.પી.કો. કલમ ૩૭૯ તથા હાલોલ પો. સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૬/૧૭, ઈ.પી.કો.કલમ ૩૭૯ તથા હાલોલ પો. સ્ટે. ફ.ગુ.રજી.નં.૨૭/૧૭, ઈ.પી.કો. કલમ ૩૭૯ તથા હાલોલ પો. સ્ટે. ફ.ગુ.રજી.નં. ૨૮/૧૭, ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબ તથા કાલોલ પો. સ્ટે. ફ.ગુ.રજી.નં. ૭/૧૭, ઈ.પી.કો.કલમ ૩૭૯ તથા કાલોલ પો. સ્ટે.ફ.ગુ.રજી.નં. ૮/૧૭, ઈ.પી.કો કલમ ૩૭૯ તથા કાલોલ પો. સ્ટે. ફ.ગુ.રજી.નં.૯/૧૭, ઈ.પી.કો.કલમ ૩૭૯ ના ગુનાના કામમાં ચોરી કરેલ વાહન આરોપીઓએ આરોપી મહમદ સાદીક પઠાણને વેચાણ આપી તેમજ મહમદ સાદીક પઠાણ તે વાહન ચોરીના હોવા છતાં આરોપીઓ પાસેથી વેચાણ રાખી એકબીજાની મદદગારીમાં કાવતરુ રચી ચોરીના વાહનનો લે વેચનો વારંવાર ધંધો કરી આરોપીઓએ ઈ.પી.કો.કલમ ૩૭૯,૪૧૩,૪૧૧,૧૨૦(બી),૧૧૪ મુજબનો ગુનો કરેલ જે ગુનાની ફરીયાદીની ફરીયાદના આધારે હાલોલ પો.સ્ટે.ફ. ગુ.ર.નં.૨૫/૧૭ થી ગુનો દાખલ કરી ત.ક.અ.એ ગુનાની તપાસ કરી લાગતા

વળગતા સાહેદોના નિવેદનો લઈ પંચોની હાજરીમાં પંચનામાઓ કરી ગુનાના કામમાં ઈ.પી.કો.કલમ ૪૧૩,૧૧૪નો ઉમેરો કરવા રીપોર્ટ કરી, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુધ્ધ નીચેની કોર્ટમાં ઈ.પી.કો.કલમ ૩૭૯,૪૧૩,૪૧૧,૧૨૦(બી),૧૧૪ ના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ અને તે કેસ નીચેની કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરેલુ જેનો ક્રિ.કે.નં.૭૧૬ /૨૦૧૭ નો પડેલો. સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામદાર સેશનસ કોર્ટને હોય તેઓશ્રીએ આરોપીઓને ચાર્જશીટ તથા તપાસના તમામ પેપર્સની નકલો વિના મૂલયે આપી સદર કેસ ક્રિ.પ્રો. કો. ક.૨૦૯ હેઠળ તા.૨૬-૦૫-૨૦૧૭ ના રોજ મે.સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગોધરામાં સેશન્સ કમીટ કરવામાં આવેલો અને તે કેસનો સેશન્સ કેસ નં.૭૭/૧૭ નો પડેલો. ત્યારબાદ આરોપીઓ કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો. કોડ કરલ- ૨૨૮(૧) અન્વયે આંક.૫ થી આરોપીઓને ઈ.પી.કોડની કલમ-૩૭૯, ૪૧૩, ૪૧૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુનાનુ તહોમતનામુ ફરમાવી આરોપીઓને આ તહોમતનામુ ક્રિ.પ્રો. કોડ ની કલમ-૨૨૮(૨) અન્વયે વાંચી સંભળાવી, સમજાવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબના આરોપીઓનો જવાબ આંક.૬ થી ૭ સુધી નોંધવામાં આવેલો અને આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ હાલોલ મુકામે તા.૨.૧૦.૧૭ થી નવી કુલ ટાઈમ એડી. ડીસ્ટ્રીકટ કોર્ટની સ્થાપના થતા સેશન્સ કોર્ટ,ગોધરા મુકામેથી અત્રેની કોર્ટમાં

ટ્રાન્સફર થઈ આવતા તેનો નવો સેશન્સ કેસ નં.૧૩૪/૧૭ આપવામાં આવેલ છે અને ત્યારબાદ આ સેશન્સ કેસમાં અત્રેની કોર્ટથી આગળની ટ્રાયલ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કેસના નિર્ણય માટે મારે નીચે મુજબના મુદ્દા નિર્ણિત કરવા જરુરી બને છે.

<u>મુદ્દા</u>

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ આ ગુનાના અન્ય આરોપી જુબેર ફીરોઝખાન મકરાણી, રહેવાસી– બાસ્કા તા. હાલોલ તથા શાહરુખ ઉર્ફે લાલો રહેમાનખાન પઠાણ, રહેવાસી– કવાંટ નસવાડી ચોકડી પાસે, તા. કવાંટ, જિ. છોટાઉદેપુર નાઓ સાથે મળી વાહન ચોરી કરવાનું એકબીજા ની મદદગારીમાં કાવતરુ રચી તા: ૧/૧/૧૭ ના કલાક ૨૨–૦૦ થી તા: ૨/૧/૧૭ ના કલાક ૬–૦૦ દરમ્યાન મોજે પાવાગઢ બાયપાસ રોડ ઉપર કે.જી.એન.પાર્ક મોતીમહલ હોટલની પાછળ હાલોલ મુકામે જઈ આ કામના ફરીયાદી ઝાહીદહુસેન અબ્દુલજબ્બાર કુરેશી, રહેવાસી– પાવાગઢ બાયપાસ રોડ, કે.જી.એન.પાર્ક, મોતી મહલ હોટલની પાછળ, હાલોલનાઓની માલિકીની ગાડી નં. જી.જે. ૦૬ એબી ૨૫૬ જેનો એન્જીન નંબર 2019725 તથા ચેસીસ નં. 1435471 જે મોડલ સને ૨૦૦૦ નું જેની કિંમત રૂા. આશરે ૪૫,૦૦૦/–(અંકે રૂપિયા પિસ્તાલીસ હજાર પુરા) જે ફરીયાદીએ ઘરના આગળના ભાગે મુકેલ તે ત્યાંથી અપ્રમાણિક ઈરાદા સહ ફરીયાદીની જાણ કે સંમતિ વગર ચોરી કરી લઈ ગયેલ છે. તે જ રીતે બંને આરોપીઓએ આ ગુનાના ઉપર જણાવેલ અન્ય બે આરોપીઓ તથા આ ગુનાના અન્ય આરોપી મહમદ સાદીક ઉર્ફે મીમભાઈ મહમદહનીફ પઠાણ રહે– સીગનલ ફળીયા મેદા પ્લોટ ગોધરા તથા હાલોલ

કરીમ કોલોની સાથે મળી ચોરી કરેલા વાહનો ચોરીના હોવા છતાં તે આરોપી મહમદ સાદીક પઠાણને વેચાણ આપવાનો અને તે આરોપીએ તે વાહન ચોરીના હોવા છતાં અન્ય આરોપીઓ પાસેથી ખરીદ કરેલાનું એકબીજાની મદદગારીમાં કાવતરુ રચેલ અને આરોપીઓએ તથા આરોપી જુબેર ફીરોઝખાન મકરાણી, રહેવાસી– બાસ્કા તા. હાલોલ તથા શાહ્રુખ ઉર્ફે લાલો રહેમાનખાન પઠાણ, રહેવાસી– કવાંટ નસવાડી ચોકડી પાસે, તા. કવાંટ, જિ. છોટાઉદેપુર નાઓએ આ ગુનાના કામમાં ચોરી કરેલ મુદ્દામાલ ગાડી તેમજ જુદા જુદા પો.સ્ટે.માં નોંધાયેલ ગુનાના કામમાં ચોરી કરેલ વાહન આરોપી ઓએ આરોપી મહમદ સાદીક પઠાણને વેચાણ આપી તેમજ મહમદ સાદીક પઠાણ તે વાહન ચોરીના હોવા છતાં આરોપીઓ પાસેથી વેચાણ રાખી એકબીજાની મદદગારીમાં કાવતરુ રચી ચોરીના વાહનનો લે વેચનો વારંવાર ધંધો કરી આરોપીઓએ ઈ.પી.કો.કલમ ૩૭૯, ૪૧૩, ૪૧૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. છેવટના હુકમ મુજબ.

(૫) આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૧ હેઠળ ફરીયાદપક્ષનો પુરાવો આરોપીઓની રુબરુમાં નોંધવામાં આવેલો.

ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવા કરવા માટે નીચે મુજબના મૌખિક તેમ જ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| સાહેદ નં. | વિગત | | આંક |
|---|---|---|---|
| પી.ડબલ્યુ નં.૧ | વિપુલકુમાર નટવરલાલ પંડયા | એ.એસ.આઈ. | ૧૦ |
| પી.ડબલ્યુ નં.૨ | કિરણસીંહ બળવંતસીંહ સોલંકી | એ.એસ.આઈ. | ૧૧ |
| પી.ડબલ્યુ નં.૩ | ઝાહીદહુસેન અબ્દુલ જબાર કુરેશી | ફરીયાદી | ૧૩ |
| પી.ડબલ્યુ નં.૪ | મહંમદઝાકીર અબ્દુલ કાદર કુરેશી | સાહેદ | ૧૮ |
| પી.ડબલ્યુ નં.૫ | ઐયુબખાન મહંમદસફી નાગોરી | સાહેદ | ૨૦ |
| પી.ડબલ્યુ નં.૬ | સમીર ઈસ્માઈલ બજારવાલા | પંચ સાહેદ | ૨૨ |
| પી.ડબલ્યુ નં.૭ | સાહીદ યાકુબ દેલોલીયા | પંચ સાહેદ | ૨૪ |
| પી.ડબલ્યુ નં.૮ | ઈશાક મહંમદભાઈ પાડવા | પંચ સાહેદ | ૨૬ |
| પી.ડબલ્યુ નં.૯ | રાકેશભાઈ રમણલાલ શાહ | પંચ સાહેદ | ૨૯ |
| પી.ડબલ્યુ નં.૧૦ | સરકુદ્દીન મુસાજી મકરાણી | પંચ સાહેદ | ૩૧ |
| પી.ડબલ્યુ નં.૧૧ | મકસુદ સુલેમાન હયાત | પંચ સાહેદ | ૩૩ |
| પી.ડબલ્યુ નં.૧૨ | સુલેમાન અબ્દુલ રહીમ મીઢી | પંચ સાહેદ | ૩૫ |
| પી.ડબલ્યુ નં.૧૩ | દલપતસીંહ ગુલાબસીંહ ચૌહાણ | અ.હે.કો. | ૩૭ |
| પી.ડબલ્યુ નં.૧૪ | અભેસીંહ જીગરભાઈ રાઠવા | અ.હે.કો. | ૩૯ |
| પી.ડબલ્યુ નં.૧૫ | સુરેશચંદ્ર શનાલાલ વરીઆ | ત.ક.અમ. | ૪૧ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૪ |
| ૨ | જીજે૦૬એબી–૦૨૫૬ની પોલીસીની નકલ | ૧૫ |
| ૩ | જીજે૦૬એબી૦૨૫૬ આર.સી.બુકની નકલ | ૧૬ |
| ૪ | આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ | ૨૩ |

| | | |
|---|---|---|
| ૫ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૭ |
| ૬ | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૩૦ |
| ૭ | કલમ ૩૪ મુજબનુ પંચનામુ | ૩૪ |
| ૮ | મુદ્દામાલ ઓળખ પંચનામુ | ૪૨ |
| ૯ | એફ.આઈ.આર.માં કલમમાં ઉમેરો કરવાનો રીપોર્ટ | ૪૩ |
| ૧૦ | સુચિપત્ર | ૪૪ |
| ૧૧ | ડેપ્યુટ હુકમ | ૪૫ |
| ૧૨ | આરોપીનુ શરીર સ્થિતિનુ પંચનામુ | ૪૬ |

(૬) ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી કલોઝીંગ પુરસીસ એ.જી.પી.શ્રીએ આંક.૪૭ થી રજુ કરેલ છે જેથી ફરીયાદપક્ષ તરફથી વધુ કોઈ પુરાવો રજુ થઈ શકેલ નથી. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડ ક.૩૧૩ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ તેમની વિરુધ્ધ ખોટો ગુનો દાખલ કરેલ છે તેમ જણાવેલ છે. વિશેષમાં પોતે સોગંદ ઉપર જુબાની કે પોતાના બચાવમાં કોઈ સાહેદ તપાસવા નથી તેવુ જાહેર કરેલ. આમ આરોપીઓ તરફે આ કામમાં કોઈ જ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ સરકારશ્રી તરફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી કે.ડી. મલેકની દલીલો સાંભળી.

(૭) સરકાર તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે , આ કામના ફરીયાદી તથા સાહેદોનો સોંગદ ઉપરનો પુરાવો વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે, ફરીયાદ તથા પોલીસ નિવેદનની વિગતે ફરીયાદીની માલીકીના વાહનની આ કામના આરોપીઓ રાત્રી દરમ્યાન ચોરી કરીને લઈ ગયેલા અને તે વાહન પોલીસે પંચનામાની વિગતે આ કામના આરોપીઓ પાસેથી કબજે કરેલ છે ભલે પંચ સાહેદો એ પંચનામાને સમર્થન આપેલ નથી પંરતુ પોલીસ સાહેદોએ પુરતુ સમર્થન આપેલ છે તેને ન માનવા માટે કોઈ કારણ રહેતુ નથી ત્યારે મુદ્દામાલ વાહનની રીકવરી આરોપીઓ પાસેથી પુરવાર થતી હોય તે ઉપરાંત આરોપીઓ પાસેથી ચોરાયેલ વાહનો મળેલા હોય આરોપીઓ ચોરેલા વાહનનો ધંધો કરે છે તે પણ પુરવાર થાય છે ત્યારે આ પ્રકારના આરોપીઓ કે જે વ્યવસ્થિત રીતે કાવતરુ રચી લોકોના વાહનો ચોરી કરી વેચી મારવાની ટેવ ધરાવે છે તેવા આરોપીઓ વિરુધ્ધ પોલીસ સાહેદોએ રજુ કરેલ પુરાવો સચોટ અને નિ:શંક જણાય આવતો હોય આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુનાઓ પુરવાર થતા હોય આરોપીઓને વધુમાં વધુ કેદની શીક્ષા કરવા ભારપૂર્વક વિનંતી કરે છે.

(૮) આરોપીઓ તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતાં તેમણે વાહનની ચોરી કોણે કરેલી તેની માહીતી નથી. કોર્ટમાં પુરાવો આપતા સુધી ચોરી કોણે કરેલી તે જાણવા મળેલુ નથી. તે જ રીતે પંચનામાની વિગતે આરોપીઓની અટક કે મુદ્દામાલ રીકવરી કે ડીસ્કવરી પુરવાર

થતી નથી કારણ કે પંચસાહેદોએ સમર્થન આપેલ નથી અને તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનુ જણાવેલ છે તે જ રીતે પંચનામાનો સમય અને જગ્યા ધ્યાને લેતાં તે જગ્યાએ સ્વતંત્ર સાહેદોની હાજરી હોવાનુ સ્પષ્ટ થાય છે છતાં કોઈ સાહેદોના નિવેદનો ત.ક.અ.એ લીધેલા નથી કે તેવા સાહેદોને કોર્ટમાં તપાસેલા નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોનો પુરાવો કે જયારે સ્થળ પર સ્વતંત્ર સાહેદોની હાજરી હોવાની શકયતા હોય ત્યારે પોલીસ સાહેદોના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવુ આવશ્યક હોય તેમ છતાં આવુ કોઈ સમર્થન પ્રાપ્ત થતુ ન હોય અને ત.ક.અ.ની તપાસ નિષ્પક્ષ અને તટસ્થ જણાય આવતી ન હોય ફરીયાદપક્ષ ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધના ગુનાઓ નિ:શંક રીતે પુરવાર કરવામાં સદંતર રીતે નિષ્ફળ ગયેલ છે અને આરોપી પક્ષ આરોપીઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે તેવી બચાવની હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ હોય આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા ભારપૂર્વક વિનંતી કરેલી છે.

## <u>–::કા ર ણો::–</u>

(૯) આ કામના આરોપીઓએ આ ગુનાના અન્ય આરોપી જુબેર ફીરોઝખાન મકરાણી, રહેવાસી– બાસ્કા તા. હાલોલ તથા શાહરુખ ઉર્ફે લાલો રહેમાનખાન પઠાણ, રહેવાસી– કવાંટ નસવાડી ચોકડી પાસે, તા. કવાંટ, જિ. છોટાઉદેપુર નાઓ સાથે મળી વાહન ચોરી કરવાનું એકબીજા ની મદદગારીમાં કાવતરુ રચી તા: ૧/૧/૧૭ ના કલાક ૨૨–૦૦ થી તા: ૨/૧/૧૭ ના કલાક ૬–૦૦ દરમ્યાન

મોજે પાવાગઢ બાયપાસ રોડ ઉપર કે.જી.એન.પાર્ક મોતીમહલ હોટલની પાછળ હાલોલ મુકામે જઈ આ કામના ફરીયાદી ઝાહીદહુસેન અબ્દુલજબ્બાર કુરેશી, રહેવાસી– પાવાગઢ બાયપાસ રોડ, કે.જી.એન.પાર્ક, મોતી મહલ હોટલની પાછળ, હાલોલનાઓની માલિકીની ગાડી નં. જી.જે. ૦૬ એબી ૨૫૬ જેનો એન્જીન નંબર 2019725 તથા ચેસીસ નં. 1435471 જે મોડલ સને ૨૦૦૦ નું જેની કિંમત રૂા. આશરે ૪૫,૦૦૦/–(અંકે રૂપિયા પિસ્તાલીસ હજાર પુરા) જે ફરીયાદીએ ઘરના આગળના ભાગે મુકેલ તે ત્યાંથી અપ્રમાણિક ઈરાદા સહ ફરીયાદીની જાણ કે સંમતિ વગર ચોરી કરી લઈ ગયેલ છે. તે જ રીતે બંને આરોપીઓએ આ ગુનાના ઉપર જણાવેલ અન્ય બે આરોપીઓ તથા આ ગુનાના અન્ય આરોપી મહમદ સાદીક ઉર્ફે મીમભાઈ મહમદહનીફ પઠાણ રહે– સીગનલ ફળીયા મેદા પ્લોટ ગોધરા તથા હાલોલ કરીમ કોલોની સાથે મળી ચોરી કરેલા વાહનો ચોરીના હોવા છતાં તે આરોપી મહમદ સાદીક પઠાણને વેચાણ આપવાનો અને તે આરોપીએ તે વાહન ચોરીના હોવા છતાં અન્ય આરોપીઓ પાસેથી ખરીદ કરેલાનું એકબીજાની મદદગારીમાં કાવતરુ રચેલ અને આરોપીઓએ તથા આરોપી જુબેર ફીરોઝખાન મકરાણી, રહેવાસી– બાસ્કા તા. હાલોલ તથા શાહરુખ ઉર્ફે લાલો રહેમાનખાન પઠાણ, રહેવાસી– કવાંટ નસવાડી ચોકડી પાસે, તા. કવાંટ, જિ. છોટાઉદેપુર નાઓએ આ ગુનાના કામમાં ચોરી કરેલ મુદ્દામાલ ગાડી તેમજ જુદા જુદા પો.સ્ટે.માં નોંધાયેલ ગુનાના કામમાં ચોરી કરેલ વાહન આરોપીઓએ આરોપી મહંમદ સાદીક

પઠાણને વેચાણ આપી તેમજ મહંમદ સાદીક પઠાણ તે વાહન ચોરીના હોવા છતાં આરોપીઓ પાસેથી વેચાણ રાખી એકબીજાની મદદગારીમાં કાવતરુ રચી ચોરીના વાહનનો લે વેચનો વારંવાર ધંધો કરી આરોપીઓએ ઈ.પી.કો.કલમ ૩૭૯,૪૧૩, ૪૧૧,૧૨૦(બી),૧૧૪ મુજબનો ગુનો કરેલ છે તેવી હકીકત નિ:શક રીતે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે આ કામમાં કુલ્લે–૧૫ સાક્ષીઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને આ સાહેદો એ પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન દસતાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

(૧૦) ફરીયાદપક્ષ તરફે ફરીયાદી પી.ડબલ્યુ નં.૩ ઝાહિદહુસેન અબ્દુલજબ્બાર કુરેશીને આ કામે આંક.૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે,તેમની પાસે તેઓની માલિકીની ફ્રન્ટી કાર નં.જીજે -૬એબી ૨૫૬ની હતી. તે કાર મે અંદાજે ચારએક મહિના પહેલા તેમના ભાઈ મહંમદ જાકીરને વાપરવા માટે આપેલ હતી. અંદાજે ચારએક મહિના પહેલા અને તેઓએ ગાડી આપેલ એના બીજા દિવસે મહંમદજાકીરનો તેમના પર ફોન આવેલ કે, મોતી મહેલ હોટલની પાછળ ઘર પાસે રાત્રે કાર મૂકેલી જે સવારે મળી આવતી નથી. તેથી તેઓ ત્યા ગયેલ અને તેઓ બે ત્રણ કલાક સુધી શોધખોળ કરેલી પણ કાર મળેલી નહી અને ત્યારબાદ તેઓ બીજે દિવસે પોલીસ સ્ટે. ગયેલા અને તેઓએ બનાવની ફરીયાદ આપેલી જે માર્ક ૨/૨ ની ફરીયાદ બતાવતા જેમા તેઓની સહી ઓળખી બતાવી જે ફરીયાદ આંક-૧૪ થી રજુ કરેલ છે. વધુમાં બનાવનાં બે માસ પછી ચોરીમાં ગયેલ કાર મળેલી તેની જાણ તેઓને પોલીસે કરેલી છે અને તેનો કબજો કોર્ટે તેમને આપેલો છે. તેમની કારની ચોરી કોણે કરેલ તે તેમણે જાણવા મળેલ નથી તેમજ તેઓને તેની કોઈએ જાણ કરેલ નથી. વધુમાં તેઓએ તેમના કારની

આર.સી.બુક તથા વીમા પોલીસીની નકલ પોલીસમાં આપેલી છે. જે તેઓને માર્ક ૨/૫ અને ૨/૬ બતાવતા તે તેજ છે જે રજુ આંક ૧૫ અને ૧૬ થી રજુ કરેલ છે. અને આરોપી તરફે આ સાહેદની ઉલટ તપાસ નથી. આમ, આ ગુનાના કામમાં ફરીયાદી તેમની ચોરીમાં ગયેલ મારુતી ફ્રન્ટી કાર આ કામના આરોપીઓએ ચોરી કરતા જોયેલ નથી. તે જ રીતે ફરીયાદીને ચોરી કરનાર આરોપીઓએ આ મુદ્દામાલ વાહન ચોરીનું હોવાનુ માનવા છતાં સહઆરોપી ને વેચાણ આપી તથા સહ આરોપીએ સદરહું વાહન ચોરીનુ મુદ્દામાલ હોવાનુ જાણવા છતાં વેચાણ રાખેલ છે તે મતલબનો કોઈ જ પુરાવો આપેલ નથી કે અંગેની ફરીયાદીને કોઈ જ માહીતી નથી ત્યારે ફરીયાદીનો સમગ્ર પુરાવો સાચો માની લેવામાં આવે તો પણ આ કામના આરોપીઓ ને ગુનામાં સંડોવતી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ પી.ડબલ્યુ નં.૪ મહંમદઝાકીર અબ્દુલ કાદર કુરેશીને આ કામે આંક.૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેમના ભાઈ ઝાહીદહુસેન પાસે તેની માલિકીની ફ્રન્ટી કાર નં.જીજે-૬એબી ૨૫૬ની હતી. તે કાર તેઓને અંદાજે ચારએક મહિના પહેલા તેમના ભાઈએ તેઓને વાપરવા માટે આપેલ હતી. અંદાજે ચારએક મહિના પહેલા તેમને ગાડી આપેલ એના બીજા દિવસે તેમના મારા ભાઈ ઝાહીદહુસેનને ફોન કરેલો કે, મોતીમહેલ હોટલની પાછળ ઘર પાસે રાત્રે કાર મૂકેલી જે સવારે મળી આવતી નથી. તેથી તેમના ભાઈ તેઓના ત્યા આવેલા અને અમે બે ત્રણ કલાક સુધી શોધખોળ કરેલી પણ કાર મળી ન હતી. અને ત્યારબાદ તેમના ભાઈએ બીજે દિવસે પોલીસ સ્ટે.માં જઈને બનાવની ફરીયાદ આપેલી અને પોલીસ

તેમનુ નિવેદન નોંધેલું. વધુમાં સાહેદ જણાવે છે કે, બનાવ પછી થોડા સમય બાદ પોલીસે રીક્ષા કબજે કરેલ અને પોલીસે તેની જાણ તેમને કરેલી છે અને બનાવના અંદાજે બેમહિના પછી કોર્ટે રીક્ષનો કબજો તેમના ભાઈને આપેલો. તેઓની કારની ચોરી કોણે કરેલ તે તેમને જાણવા મળેલ નથી તેમજ તેમને તેની કોઈએ જાણ કરેલ નથી. અને આરોપી તરફે આ સાહેદની ઉલટ તપાસ નથી. આમ, આ ગુનાના કામમાં સાહેદે તેના ભાઈની ચોરીમાં ગયેલ મારુતી ફ્રન્ટી કાર આ કામના આરોપીઓએ ચોરી કરતા જોયેલ નથી. તે જ રીતે સાહેદને ચોરી કરનાર આરોપીઓએ આ મુદ્દામાલ વાહન ચોરીનું હોવાનુ માનવા છતાં સહઆરોપીને વેચાણ આપી તથા સહ આરોપીએ સદરહું વાહન ચોરીનુ મુદ્દામાલ હોવાનુ જાણવા છતાં વેચાણ રાખેલ છે તે મતલબનો કોઈ જ પુરાવો આપેલ નથી કે અંગેની સાહેદને કોઈ જ માહીતી નથી ત્યારે સાહેદનો સમગ્ર પુરાવો સાચો માની લેવામાં આવે તો પણ આ કામના આરોપીઓને ગુનામાં સંડોવતી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૨) ફરીયાદપક્ષ તરફે સાહેદ પી.ડબલ્યુ નં.૫ ઐયુબખાન મહમંદસફી નાગોરીને આ કામે આંક.૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેમના ભત્રીજા ઝાહીદહુસેન પાસે તેની માલિકીની ફ્રન્ટી કાર નં.જીજે -૬એબી ૨૫૬ની હતી. તે કાર તેને અંદાજે ચારએક મહિના પહેલા તેઓના ભાઈ મહંમદઝાકીરને વાપરવા માટે આપેલી. અંદાજે ચારએક મહિના પહેલા તેઓના ભત્રીજાએ ગાડી આપેલ એના બીજા દિવસે તેમના ભત્રીજા એ ઝાહીદહુસેનને ફોન કરેલો કે, મોતીમહેલ હોટલની પાછળ ઘર પાસે રાત્રે કાર મૂકેલી જે સવારે મળી આવતી નથી. તેથી

તેમનો ભત્રીજો સ્થળ ઉપર આવેલ અને તેઓ ત્યાંજ રહતા હોય તેઓએ બે ત્રણ કલાક સુધી શોધખોળ કરેલી પણ કાર મળેલી નહી. અને ત્યારબાદ તેમના ભત્રીજાએ બીજે દિવસે પોલીસ સ્ટે.માં જઈને બનાવની ફરીયાદ આપેલી અને પોલીસે તેમનુ નિવેદન નોંધેલું. વધુમાં સાહેદ જણાવે છે કે, બનાવ પછી થોડા સમય બાદ પોલીસે રીક્ષા કબજે કરેલ અને પોલીસે તેની જાણ તેઓને કરેલી અને બનાવના અંદાજે બે મહિના પછી કોર્ટે રીક્ષનો કબજો તેમના ભત્રીજાને આપેલો. વધુમાં કારની ચોરી કોણે કરેલ તે તેમને જાણવા મળેલ નથી તેમજ તેમને તેની કોઈએ જાણ કરેલ નથી. અને આરોપી તરફે આ સાહેદની ઉલટ તપાસ નથી. આમ, આ ગુનાના કામમાં સાહેદે તેના ભત્રીજાની ચોરીમાં ગયેલ મારુતી ફ્રન્ટી કાર આ કામના આરોપીઓએ ચોરી કરતા જોયેલ નથી. તે જ રીતે સાહેદને ચોરી કરનાર આરોપીઓએ આ મુદ્દામાલ વાહન ચોરીનું હોવાનુ માનવા છતાં સહઆરોપી ને વેચાણ આપી તથા સહ આરોપીએ સદરહું વાહન ચોરીનુ મુદ્દામાલ હોવાનુ જાણવા છતાં વેચાણ રાખેલ છે તે મતલબનો કોઈ જ પુરાવો આપેલ નથી કે અંગેની સાહેદને કોઈ જ માહીતી નથી ત્યારે સાહેદનો સમગ્ર પુરાવો સાચો માની લેવામાં આવે તો પણ આ કામના આરોપીઓને ગુનામાં સંડોવતી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૩) ફરીયાદપક્ષ તરફે આ કામમાં આરોપીઓની શરીર સ્થિતિનુ પંચ રોજકામ આંક.૨૩ ના પંચ સાહેદ પી.ડબલ્યુ ૬ સમીર ઈસ્માઈલ બજારવાલાને આંક.૨૨ થી તથા પંચ સાહેદ પી.ડબલ્યુ નં.૭ સાહીદ યાકુબ દેલોલીયાને આંક.૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. પરંતુ આ બંને

સાહેદોએ પોલીસે તેઓને તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાનુ અને સહી કર્યા સિવાય પંચનામા વિશે કંઈ જાણતા ન હોવાનુ જણાવે છે. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે આરોપીઓને અટક કર્યાના તેમજ આરોપીઓ પાસેથી મુદ્દામાલ વાહન કબજે કર્યાના પંચ રોજકામ આંક.૩૦ ના પંચ સાહેદ પી.ડબલ્યુ નં.૯ રાકેશભાઈ રમણલાલ શાહને આંક.૨૯ થી તેમજ પંચ સાહેદ પી.ડબલ્યુ નં.૧૦ સરફુદ્દીન મુસાજી મકરાણીને આંક.૩૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. પરંતુ આ પંચ સાહેદો પણ પોલીસે તેઓને તૈયાર પંચનામાં સહી લીધેલ હોવાનુ અને સહી કર્યા સિવાય પંચનામા વિશે કંઈ જાણતા ન હોવાનુ જણાવે છે. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે આરોપીઓ પાસેથી નવ ચોરીના વાહન રીકવર કર્યાના આંક.૩૪ના પંચનામાના પંચ સાહેદ પી.ડબલ્યુ નં.૧૧ મકસુદ સુલેમાન હયાતને આંક.૩૩ થી તથા પંચ સાહેદ પી.ડબલ્યુ નં.૧૨ સુલેમાન અબ્દુલ રહીમ મીઢીને આંક.૩૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. પરંતુ આ પંચ સાહેદો પણ પોલીસે તેઓને તૈયાર પંચનામાં સહી લીધેલ હોવાનુ અને સહી કર્યા સિવાય પંચનામા વિશે કંઈ જાણતા ન હોવાનુ જણાવે છે. આમ, આ તમામ પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય તમામ પંચ સાહેદોને એ.જી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને ત્યારબાદ એ.જી.પી.શ્રીએ પંચનામાની વિગતો અંગે પુછેલ પ્રશ્નોના જવાબમાં પંચ સાહેદોએ પંચનામાની હકીકતોની સ્પષ્ટ ઈન્કારી કરેલ છે. અને પોતાની સરતપાસને વળગી રહે છે માટે આ પંચ સાહેદોના સમર્થનના

અભાવે પંચનામાની વિગતે આરોપીઓની અટક કરવામાં આવેલ હોવાની કે આરોપીઓ પાસેથી પંચનામાની વિગતે મુદ્દામાલ વાહનો કબજે કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ફરીયાદ પક્ષ પંચનામા અને પંચનામાની વિગતે આરોપીઓની અટક અને મુદ્દામાલ રીકવરી અને ડીસ્કવરી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે.

(૧૪) ફરીયાદપક્ષ તરફે આ કામમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ આંક.૨૭ ના પંચ સાહેદ પી.ડબલ્યુ નં.૮ ઈશાક મહંમદભાઈ પાડવાને આંક.૨૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે,ત્રણ ચાર મહીના પહેલા પોલીસે તેમને હાલોલ પો.સ્ટે.માં અને કિશોર નગર વડોદરા રોડ ઉપર પંચમાં બોલાવેલ અને ત્યા હાજર ફરીયાદી આગળ ચાલી ગુન્હાવાળી જગ્યા બતાવતા હોય તે જોઈ તપાસી તેઓ પંચોના લખાવ્યા મુજબ પોલીસે પંચનામુ લખી લીધેલ અને તે જગ્યાએથી પોતાની મારુતિ ફ્રંટી કાર ચોરી થયેલ છે તેવુ જણાવેલુ. તેમને માર્ક ૨/૭ વાળુ પંચનામુ બતાવતાં જેમાં તેમની સહી ઓળખી બતાવી પંચનામુ આંક.૨૭ થી રજુ કરેલ છે. અને આરોપી તરફે આ સાહેદની ઉલટ તપાસ નથી. આમ, આ સાહેદનો પુરાવો વંચાણે લેતાં સાહેદે ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ હોવાનુ જણાય આવે છે પંરતુ પંચનામુ વંચાણે લેતાં તેમા ફકત ગુનાવાળી જગ્યાની સ્થળસ્થિતિ જણાય આવે છે તેથી વિશેષ આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકતો જણાય આવતી નથી.

(૧૫) ફરીયાદપક્ષ તરફે એ.એસ.આઈ. પી.ડબલ્યુ નં.૧ વિપુલકુમાર નટવરલાલ પંડયાને આ કામે આંક.૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ તા.૩/૨/૧૭ ના રોજ તથા એ.એસ.આઈ.

કિરણસિંહ બળવંતસિંહ, અ.હે.કો. અભેસિંહ જીગર, દલપતસિંહ ગુલાબસીંહ રણજીતસિંહ સોમસિંહ, અરવિંદભાઈ સળિયાભાઈ, દેવેન્દ્રસિંહ વિક્રમસિંહ, પ્રવિણસિંહ કઈજીભાઈ, રુપસિંહ કલાભાઈ તથા પર્વતસિંહ સોમસિંહ એ રીતેના હાલોલ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન ફરતાં ફરતાં વાંસેતી ગામ પાસે આવતાં ખાનગી રાહે બાતમી મળેલ કે, શાહરુખખાન નામનો ઈસમ તથા તેની સાથે એક બીજો ઈસમ એમ બંને જણા એક નંબર વગરનો પીઆગો છકડો જેમાં એક મોટરસાઈકલ મુકી છકડો લઈ બાસ્કાથી રામેસરા થઈ બોડેલી તરફ જનાર છે. અને આ પીઆગો છકડો તથા તેમાં મુકેલ મોટર સાઈકલ શંકાસ્પદ છે. તેવી હકીકત આધારે બે પંચોના માણસો બોલાવી પંચો સાથે અમો પોલીસ વાંસેતી પીકઅપ સ્ટેન્ડ પાસે વોચમાં હતાં તે દરમ્યાન બાતમી મુજબના વર્ણનવાળો પીઆગો છકડો આવતા તેને જરુરી આડસો કરી ઉભો રાખેલ અને છકડો ચલાવનાર ઈસમ તથા તેની સાથેના ઈસમને પકડી લીધેલ. બે પંચો રુબરુ છકડો ચલાવનાર ઈસમનું નામ-ઠામ પૂછતાં તેને પોતાનું નામ  શાહરુખખાન ફીરોજખાન મકરાણી, રહે. બાસ્કા, ટેકરી ફળિયુ, તા. હાલોલ અને તેની સાથેના ઈસમનું નામ નામ-ઠામ પૂછતાં તેને પોતાનું નામ  આમીર ઉર્ફે તન્નુ ઉર્ફે તનવીર મહેબૂબખાન પઠાણ, રહે. ખોખર ફળિયુ, હાલોલનું હોવાનું જણાવેલુ.  વધુમાં સાહેદ જણાવે છે કે, આરોપીઓ પાસેના છકડા તથા છકડામાં મુકેલ મો.સા.નો રજી.નંબર જોતા રજી.નંબરો લખેલા ન હોય છકડા તથા મો.સા.ના દસ્તાવેજી કાગળો રજુ કરવા જણાવતા બંને આરોપીઓ ગલ્લા તલ્લા કરી કોઈ આધાર ન હોવાનુ જણાવતા હોય જેથી પીઆગો છકડો તથા મો.સા. ચોરી કે છળકપટથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલ હોય છકડાની કિં.રુા.૭૫,૦૦૦/- તથા મો.સા.ની કિં.રુા.૨૫,૦૦૦/-ની ગણી તપાસ અર્થે સી.આર.પી. સી.કલમ ૧૦૨ મુજબ કબજે લીધેલ. વધુમાં બંને આરોપીઓને સી.આર.પી.સી.કલમ૪૧ (૧) (ડી) મુજબ અટકાયત કરી અને આ બાબતે સાથેના  હે.કો.અભેસિંહનાઓએ રીપોર્ટ આપેલ અને બે પંચો રાકેશકુમાર રમણલાલ

શાહ તથા સરકુદ્દીન મુસાજી મકરાનીની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ પંચનામુ લખવામાં આવેલુ તેમજ  તેમનો જવાબ એ.જે.રાઠવા સાહેબે લીધેલો. અને આરોપી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તે વાત ખરી છે કે, પંચોને બોલાવા જાતે ગયેલ નથી અને તેમના જવાબમાં તેઓએ પંચોના સરનામા કે સરકારી વાહનનો નંબર જવાબમાં લખાવેલ નથી. તે વાત ખરી છે કે, આ ગુનાના કામમાં ત.ક.અ.ને તેમનો જવાબ લીધેલ નથી. તે વાત ખરી છે કે, રોકવા માટે શુ આળશ ઉભી કરી તે સ્પષ્ટ જવાબમાં લખાવેલ નથી. જયારે સરકારશ્રી તરફથી વાહના રજીસ્ટ્રેશન ઉપરથી વાહનના માલીકનુ નામ જાણી શકાય તેવુ સોફટવેર તેમની પાસે ન હોવાનુ અને તેઓ પેટ્રોલીંગમા ગયેલ ન હોવાનુ અને આરોપીને પકડેલ ન હોવાનુ તેમજ મુદ્દામાલ રીકવર કરેલ ન હોવાનો ઈન્કારી કરેલ છે. આમ, આ પોલીસ સાહેદનો પુરાવો વંચાણ લેતાં તેઓએ અન્ય પોલીસ સાહેદો સાથે જાહેર જગ્યાએથી આરોપીઓએ અટક કરેલા છે અને તેમની પાસેથી ચોરીના મુદ્દામાલ વાહનો કબજે કરેલા છે ત્યારે પંચનામાનો સમય  અને પંચનામાની જગ્યા તે જાહેર રસ્તો હોય ત્યારે સ્વતંત્ર સાહેદોની હાજરી મળી આવવાની શકયતા રહેલી હોય આ પોલીસ સાહેદના પુરાવાને સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવુ આવશ્યક જણાય આવે છે. વધુમાં જયારે પંચનામાના બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે અન્ય સ્વતંત્ર સાહેદોનુ સમર્થન આવશ્યક જણાય આવે છે.

(૧૬) ફરીયાદપક્ષ તરફે એ.એસ.આઈ. પી.ડબલ્યુ નં.ર કિરણસીંહ બળવંતસીંહ સોલંકીને આ કામે આંક.૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ પોતાના સોગંદ

ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ તા.૩/૨/૧૭ ના રોજ તેઓ તથા એ.એસ.આઈ. વિપુલકુમાર નટવરલાલ, અ.હે.કો. અભેસિંહ જીગર, દલપતસિંહ ગુલાબસીંહ રણજીતસિંહ સોમસિંહ, અરવિંદભાઈ સળિયાભાઈ, દેવેન્દ્રસિંહ વિક્રમસિંહ,પ્રવિણસિંહ કઈજીભાઈ, રુપસિંહ કલાભાઈ તથા પર્વતસિંહ સોમસિંહ એ રીતેના હાલોલ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન ફરતાં ફરતાં વાંસેતી ગામ પાસે આવતાં ખાનગી રાહે બાતમી મળેલ કે, શાહરુખખાન નામનો ઈસમ તથા તેની સાથે એક બીજો ઈસમ એમ બંને જણા એક નંબર વગરનો પીઆગો છકડો જેમાં એક મોટરસાઈકલ મુકી છકડો લઈ બાસ્કાથી રામેસરા થઈ બોડેલી તરફ જનાર છે. અને આ પીઆગો છકડો તથા તેમાં મુકેલ મોટર સાઈકલ શંકાસ્પદ છે. તેવી હકીકત આધારે બે પંચોના માણસો બોલાવી પંચો સાથે અમો પોલીસ વાંસેતી પીકઅપ સ્ટેન્ડ પાસે વોચમાં હતાં તે દરમ્યાન બાતમી મુજબના વર્ણનવાળો પીઆગો છકડો આવતા તેને જરુરી આડસો કરી ઉભો રાખેલ અને છકડો ચલાવનાર ઈસમ તથા તેની સાથેના ઈસમને પકડી લીધેલ. બે પંચો રુબરુ છકડો ચલાવનાર ઈસમનું નામ-ઠામ પૂછતાં તેને પોતાનું નામ શાહરુખખાન ફીરોજખાન મકરાણી, રહે. બાસ્કા, ટેકરી ફળિયુ, તા. હાલોલ અને તેની સાથેના ઈસમનું નામ નામ-ઠામ પૂછતાં તેને પોતાનું નામ આમીર ઉર્ફે તન્નુ ઉર્ફે તનવીર મહેબૂબખાન પઠાણ, રહે. ખોખર ફળિયુ, હાલોલનું હોવાનું જણાવેલુ. વધુમાં સાહેદ જણાવે છે કે, આરોપીઓ પાસેના છકડા તથા છકડામાં મુકેલ મો.સા.નો રજી.નંબર જોતા રજી.નંબરો લખેલા ન હોય છકડા તથા મો.સા.ના દસ્તાવેજી કાગળો રજુ કરવા જણાવતા બંને આરોપીઓ ગલ્લા તલ્લા કરી કોઈ આધાર ન હોવાનુ જણાવતા હોય જેથી પીઆગો છકડો તથા મો.સા. ચોરી કેછળકપટથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલ હોય છકડાની કિં.રુા.૭૫,૦૦૦/- તથા મો.સા.ની કિં.રુા.૨૫,૦૦૦/-ની ગણી તપાસ અર્થે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે લીધેલ. વધુમાં આરોપીઓની સી.આર.પી.સી.કલમ ૪૧ (૧) (ડી)

મુજબ અટકાયત કરી અને આ બાબતે સાથેના હે.કો.અભેસિંહનાઓએ રીપોર્ટ આપેલ. બે પંચો રાકેશકુમાર રમણલાલ શાહ તથા સરકુદ્દીન મુસાજી મકરાનીની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ પંચનામુ લખવામાં આવેલુ તેમજ તેમનો જવાબ એ.જે.રાઠવા સાહેબે લીધેલો. અને આરોપી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તે વાત ખરી છે કે, પંચોને બોલાવા જાતે ગયેલ નથી અને તેમના જવાબમાં તેઓએ પંચોના સરનામા કે સરકારી વાહનનો નંબર જવાબમાં લખાવેલ નથી. તે વાત ખરી છે કે, આ ગુનાના કામમાં ત.ક.અ.ને તેમનો જવાબ લીધેલ નથી. તે વાત ખરી છે કે, રોકવા માટે શુ આળશ ઉભી કરી તે સ્પષ્ટ જવાબમાં લખાવેલ નથી. જયારે સરકારશ્રી તરફથી વાહના રજીસ્ટ્રેશન ઉપરથી વાહનના માલીકનુ નામ જાણી શકાય તેવુ સોફટવેર તેમની પાસે ન હોવાનુ અને તેઓ પેટ્રોલીંગમા ગયેલ ન હોવાનુ અને આરોપીને પકડેલ ન હોવાનુ અને મુદ્દામાલ રીકવર કરેલ ન હોવાનો ઈન્કારી કરેલ છે. આમ, આ પોલીસ સાહેદનો પુરાવો વંચાણ લેતાં તેઓએ અન્ય પોલીસ સાહેદો સાથે જાહેર જગ્યાએથી આરોપીઓએ અટક કરેલા છે અને તેમની પાસેથી ચોરીના મુદ્દામાલ વાહનો કબજે કરેલા છે ત્યારે પંચનામાનો સમય અને પંચનામાની જગ્યા તે જાહેર રસ્તો હોય ત્યારે સ્વતંત્ર સાહેદોની હાજરી મળી આવવાની શકયતા રહેલી હોય આ પોલીસ સાહેદના પુરાવાને સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવુ આવશ્યક જણાય આવે છે. વધુમાં જયારે પંચનામાના બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે અન્ય સ્વતંત્ર સાહેદોનુ સમર્થન આવશ્યક જણાય આવે છે.

(૧૭) ફરીયાદપક્ષ તરફે એ.એસ.આઈ. પી.ડબલ્યુ નં.૧૩ દલપતસીંહ ગુલાબસીંહ ચૌહાણને આ કામે આંક.૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે,તેઓ તા.૩/૨/૧૭ ના રોજ એલ.સી.બી ગોધરા ખાતે અ.હે.કો. તરીકેની ફરજ દરમ્યાન તે દિવસે તેઓ તથા એ.એસ.આઈ. વિપુલકુમાર નટવરલાલ, તથા એએસઆઈ. કિરણસિંહ બળવંતસિંહ,અ.હે.કો. અભેસિંહ જીગર,રણજીતસિંહ સોમસિંહ, અરવિંદભાઈ સળિયાભાઈ, દેવેન્દ્રસિંહ વિક્રમસિંહ,પ્રવિણસિંહ કઈજીભાઈ, રુપસિંહ કલાભાઈ તથા પર્વતસિંહ સોમસિંહએ રીતેના હાલોલ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન ફરતાં ફરતાં વાંસેતી ગામ પાસે આવતાં ખાનગી રાહે બાતમી મળેલ કે, શાહરુખખાન નામનો ઈસમ તથા તેની સાથે એક બીજો ઈસમ એમ બંને જણા એક નંબર વગરનો પીઆગો છકડો જેમાં એક મોટરસાઈકલ મુકી છકડો લઈ બાસ્કાથી રામેસરા થઈ બોડેલી તરફ જનાર છે. અને આ પીઆગો છકડો તથા તેમાં મુકેલ મોટર સાઈકલ શંકાસ્પદ છે. તેવી હકીકત આધારે બે પંચોના માણસો બોલાવી પંચો સાથે અમો પોલીસ વાંસેતી પીકઅપ સ્ટેન્ડ પાસે વોચમાં હતાં તે દરમ્યાન બાતમી મુજબના વર્ણનવાળો પીઆગો છકડો આવતા તેને જરૂરી આડસો કરી ઉભો રાખેલ અને છકડો ચલાવનાર ઈસમ તથા તેની સાથેના ઈસમને પકડી લીધેલ. બે પંચો રુબરુ છકડો ચલાવનાર ઈસમનું નામ-ઠામ પૂછતાં તેને પોતાનું નામ શાહરુખખાન ફીરોજખાન મકરાણી, રહે. બાસ્કા, ટેકરી ફળિયુ, તા. હાલોલ અને તેની સાથેના ઈસમનું નામ નામ-ઠામ પૂછતાં તેને પોતાનું નામ આમીર ઉર્ફે તન્નુ ઉર્ફે તનવીર મહેબૂબખાન પઠાણ, રહે. ખોખર ફળિયુ, હાલોલનું હોવાનું જણાવેલુ. વધુમાં સાહેદ જણાવે છે કે, અને આરોપીઓ પાસેના છકડા તથા છકડામાં મુકેલ મો.સા.નો રજી.નંબર જોતા રજી.નંબરો લખેલા ન હોય છકડા તથા મો.સા.ના દસ્તાવેજી કાગળો રજુ કરવવા જણાવતા બંને આરોપીઓ ગલ્લા તલ્લા કરી કોઈ આધાર ન હોવાનુ જણાવતા હોય જેથી પીઆગો છકડો

તથા મો.સા. ચોરી કેછળકપટથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલ હોય છકડાની કિં. રૂા.૭૫,૦૦૦/- તથા મો.સા.ની કિં.રૂા.૨૫,૦૦૦/-ની ગણી તપાસ અર્થે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે લીધેલ. વધુમાં સાહેદ જણાવે છે કે, બંને આરોપીઓને સી.આર.પી.સી. કલમ ૪૧ (૧) (ડી) મુજબ અટકાયત કરી અને આ બાબતે સાથેના હે.કો.અભેસિંહના ઓએ રીપોર્ટ આપેલ. વધુમા બે પંચો રાકેશકુમાર રમણલાલ શાહ તથા સરકુદ્દીન મુસાજી મકરાનીની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ પંચનામુ લખવામાં આવેલ અને આ અંગેનો તેમનો જવાબ એ.જે.રાઠવા સાહેબે લીધેલો અને આરોપી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તે વાત ખરી છે કે, પંચોને બોલાવા જાતે ગયેલ નથી અને તેમના જવાબમાં તેઓએ પંચોના સરનામા કે સરકારી વાહનનો નંબર જવાબમાં લખાવેલ નથી. તે વાત ખરી છે કે, આ ગુનાના કામમાં ત.ક.અ.ને તેમનો જવાબ લીધેલ નથી. તે વાત ખરી છે કે, રોકવા માટે શુ આળશ ઉભી કરી તે સ્પષ્ટ જવાબમાં લખાવેલ નથી. જયારે સરકારશ્રી તરફથી વાહના રજીસ્ટ્રેશન ઉપરથી વાહનના માલીકનુ નામ જાણી શકાય તેવુ સોફટવેર તેમની પાસે ન હોવાનુ અને તેઓ પેટ્રોલીંગમા ગયેલ ન હોવાનુ અને આરોપીને પકડેલ ન હોવાનુ અને મુદ્દામાલ રીકવર કરેલ ન હોવાનો ઈન્કારી કરેલ છે. આમ, આ પોલીસ સાહેદનો પુરાવો વંચાણે લેતાં તેઓએ અન્ય પોલીસ સાહેદો સાથે જાહેર જગ્યાએથી આરોપીઓએ અટક કરેલા છે અને તેમની પાસેથી ચોરીના મુદ્દામાલ વાહનો કબજે કરેલા છે ત્યારે પંચનામાનો સમય અને પંચનામાની જગ્યા તે જાહેર રસ્તો હોય ત્યારે સ્વતંત્ર સાહેદોની હાજરી મળી આવવાની શકયતા રહેલી હોય આ પોલીસ સાહેદના પુરાવાને સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવુ આવશ્યક જણાય

આવે છે. વધુમાં જયારે પંચનામાના બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે અન્ય સ્વતંત્ર સાહેદોનુ સમર્થન આવશ્યક જણાય આવે છે.

(૧૮) ફરીયાદપક્ષ તરફે એ.એસ.આઈ. પી.ડબલ્યુ નં.૧૪ અભેસીંહ જીગરભાઈ રાઠવાને આ કામે આંક.૩૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે,તા.૩/૨/૧૭ ના રોજ તેઓ એલ.સી.બી ગોધરા ખાતે અ.હે.કો. તરીકેની ફરજ દરમ્યાન તે દિવસે તેઓ તથા દલતપસિંહ ગુલાબસિંહ અ.હે.કો., તથા એ.એસ.આઈ. વિપુલકુમાર નટવરલાલ, તથા એએસઆઈ. કિરણસિંહ બળવંતસિંહ, રણજીતસિંહ સોમસિંહ, અરવિંદભાઈ સળિયાભાઈ, દેવેન્દ્રસિંહ વિક્રમસિંહ,પ્રવિણસિંહ કઈજીભાઈ, રુપસિંહ કલાભાઈ તથા પર્વતસિંહ સોમસિંહએ રીતેના હાલોલ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન ફરતાં ફરતાં વાંસેતી ગામ પાસે આવતાં ખાનગી રાહે બાતમી મળેલ કે, શાહરુખખાન નામનો ઈસમ તથા તેની સાથે એક બીજો ઈસમ એમ બંને જણા એક નંબર વગરનો પીઆગો છકડો જેમાં એક મોટરસાઈકલ મુકી છકડો લઈ બાસ્કાથી રામેસરા થઈ બોડેલી તરફ જનાર છે. અને આ પીઆગો છકડો તથા તેમાં મુકેલ મોટર સાઈકલ શંકાસ્પદ છે. તેવી હકીકત આધારે બે પંચોના માણસો બોલાવી પંચો સાથે અમો પોલીસ વાંસેતી પીકઅપ સ્ટેન્ડ પાસે વોચમાં હતાં તે દરમ્યાન બાતમી મુજબના વર્ણનવાળો પીઆગો છકડો આવતા તેને જરુરી આડસો કરી ઉભો રાખેલ અને છકડો ચલાવનાર ઈસમ તથા તેની સાથેના ઈસમને પકડી લીધેલ. બે પંચો રુબરુ છકડો ચલાવનાર ઈસમનું નામ-ઠામ પૂછતાં તેને પોતાનું નામ શાહરુખખાન ફીરોજખાન મકરાણી, રહે. બાસ્કા, ટેકરી ફળિયુ, તા. હાલોલ અને તેની સાથેના ઈસમનું નામ નામ-ઠામ પૂછતાં તેને પોતાનું નામ આમીર ઉર્ફે તન્નુ ઉર્ફે તનવીર મહેબૂબખાન પઠાણ, રહે. ખોખર ફળિયુ, હાલોલનું હોવાનું જણાવેલુ. વધુમાં સાહેદ જણાવે છે કે, અને આરોપીઓ પાસેના છકડા તથા છકડામાં મુકેલ મો.સા.નો રજી.નંબર જોતા

રજી.નંબરો લખેલા ન હોય છકડા તથા મો.સા.ના દસ્તાવેજી કાગળો રજુ કરવા જણાવતા બંને આરોપીઓ ગલ્લા તલ્લા કરી કોઈ આધાર ન હોવાનુ જણાવતા હોય જેથી પીઆગો છકડો તથા મો.સા. ચોરી કેછળકપટથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલ હોય છકડાની કિં.રુા.૭૫,૦૦૦/- તથા મો.સા.ની કિં.રુા.૨૫,૦૦૦/-ની ગણી તપાસ અર્થે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે લીધેલ. વધુમાં બંને આરોપીઓને સી.આર. પી. સી. કલમ ૪૧ (૧) (ડી) મુજબ અટકાયત કરી અને આ બાબતનુ પંચનામુ તેઓએ બં પંચોની હાજરીમાં તૈયાર કરેલુ તેમજ બે પંચો રાકેશકુમાર રમણલાલ શાહ તથા સરકુદ્દીન મુસાજી મકરાનીની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ પંચનામુ લખવામાં આવેલુ. વધુમાં સાહેદ તેમના હસ્તાક્ષર વાળુ આંક.૨૪ વાળા પંચનામા બે પંચોની તથા તેમની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં આ બાબતે તેઓએ હાલોલ પો.સ્ટે. અમલદારને સી.આર.પી.સ. ક.૪૧(૧)(ડી) મજુબ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા લેખિત રીપોર્ટ કરેલ છે. વધુમાં આ બાબતે પો.સ્ટે અમલદાર હાલોલ પો.સ્ટે નાઓએ કે.ડા નં.૧૫/૧૭ થી નોંધ કરી કબજે લીધેલ મુ.માલ બાબતે મુ.પાવતી ફાડી અને આગળની વધુ તપાસ અર્થે કાગળો તેઓના તરફ ડેપ્યુટ કરતા તેઓએ તપાસ સંભાળી લીધેલ અને આ સ્ટેશસન ડાયરી એન્ટ્રી ના કામે તેઓએએ તેમની સાથેના પો. કર્મચારીઓના નિવેદનો લીધેલ અને પકડાયેલ આરોપીઓની ઘનિષ્ઠ પુછપરછ કરતા પકડાયેલ આરોપી શાહરુખ ફીરોજખાન મકરાણી નાઓએ આ કામે પકડાયેલ મુદ્દામાલ સીવાય બીજો પણ મુદ્દામાલ હોવાની કબુલાત કરેલી અને જે બાબતે પોતે પોતાની સ્વખુશી થી મુદ્દામાલ બતાવવા જણાવતા તા.૦૪/૦૨/૧૭ ના રોજ આરોપીના જણાવ્યા મુજબ બે પંચોના માણસો સાથે સરકારી વાહનમા બેસી આરોપીઓના જણાવ્યા મુજબ ગોધરા થી નિકળી કાલોલ,હાલોલ થઈ બાસ્કા ગામે આવેલ અને આરોપીએ પોતાની સ્વખુશીથી બાસ્કા ગામે આવી હાથનો ઈશારો કરી રોડની જમણી બાજુ મકાન બતાવેલ જે મકાન પોતાના પિતાની માલીકીનુ હોવાનુ જણાવેલ અને તે મકાનની પુર્વ તરફ

અલગ-અલગ જગ્યાએથી ચોરી કરી લાવેલ વાહનો પાર્ક કરી સંતાડી રાખેલ હતા જે વાહનો જોતા પીઆગો છકડા નંગ-ત્રણ,મારુતિ વાન નંગ-ત્રણ,મોટર સાયકલ નંગ-ત્રણ મળી કુલ નવ વાહનો સંતાડી રાખેલ મળી આવેલ જે તમામ વાહનો કોઈ જગ્યાએથી ચોરી કરી લાવેલા નુ જણાવેલ તે તમામ વાહનો ની કિંમત રુ.ચાર લાખ પંચાવન હજાર ગણી સી.આર.પી.સી.ક.૧૦૨ મુજબ કબજે કરેલા. વધુમાં સાહેદ જણાવે છે કે, જે વાહનો બાબતે તપાસ કરતા પીઆગો છકડા ત્રણ કાલોલ પો.સ્ટે વિસ્તારમાથી અલગ અલગ જગ્યાએથી ચોરી કરી લાવેલાનુ જણાવેલ જે બાબતે કાલોલ પો.સ્ટે ખાતે ફર્સ્ટ.ગુ.ર.નં. ૮/૧૭, ૦૯/૧૭, ૦૭/૧૭,તથા તથા હાલોલ પો.સ્ટે.ગુ.ર.નં. ૨૫/૧૭,૨૮/૧૭, ૨૬/૧૭, ૨૧/૧૭,૬/૧૭ મળી કુલા નવ ગુના દાખલ થયેલ હતા.આ બાબતે તેમને આરોપીઓની વધુ તપાસ અર્થે લાગતા વળગતા પો.સ્ટે મા વાયરલેસ મેસેજ થી જાણ કરેલ આરોપીઓનો કબજો હાલોલ પો.સ્ટે ખાતે સોપેલો હતોં. વધુમાં આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવી અને તે જ હોવાનુ જણાવેલ છે. અને આરોપી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, પંચોને બોલાવા જાતે ગયેલ નથી તેમજ કાલોલ પો.સ્ટે.ના ત્રણ ગુના અને હાલોલ પો.સ્ટે.ના છ ગુના રજી.નં.નો ઉલ્લેખ તેમના પંચનામા કે રીપોર્ટમાં કરેલ નથી. તે વાત ખરી છે કે, સરકારી વાહનની લોગબુકની નકલ તેમને આ કામમાં રજુ કરેલ નથી કે ત.ક.અ.પી.એસ.આઈ. એસ.એસ.વરીયાને સોંપેલ નથી. તે વાત ખરી છે કે, સ્ટેશન ડાયરી નં.૧૫/૧૭ દાખલ કરવામાં આવી તે પહેલા તેઓએ પંચનામુ કરેલુ હતુ. તે વાત ખરી છે કે, સ્ટેશન ડાયરી એન્ટ્રીમાં પંચોના નામ સરનામા લખાવેલ નથી. તે વાત ખરી છે કે, વાંસેતી ગામે જે જગ્યાએ આડશ કરી ને ઉભા હતા તે જગ્યાએ આસપાસમાં દુકાનો તથા મકાનો આવેલા છે. તે વાત ખરી છે કે, તેઓએ સ્ટશેન ડાયરીમાં એન્ટ્રીની તપાસમાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. અને સરકારશ્રી તરફથી વાહનના રજીસ્ટ્રેશન ઉપરથી વાહનના માલીકનુ નામ જાણી શકાય તેવુ સોફટવેર તેમની પાસે ન હોવાનુ અને આ

ગુનાના કામમાં તેઓએ જવાબ લીધેલ ન હોવાનુ કે તેઓ પેટ્રોલીંગમાં ગયેલ ન હોવાનુ કે આરોપીને પકડેલ ન હોવાનુ તેમજ મુદ્દામાલ રીકવર કરેલ ન હોવાનુ ઈન્કારી કરેલ છે. આમ, આ પોલીસ સાહેદનો પુરાવો વંચાણ લેતાં તેઓએ અન્ય પોલીસ સાહેદો સાથે જાહેર જગ્યાએથી આરોપીઓએ અટક કરેલા છે અને તેમની પાસેથી ચોરીના મુદ્દામાલ વાહનો કબજે કરેલા છે ત્યારે પંચનામાનો સમય અને પંચનામાની જગ્યા તે જાહેર રસ્તો હોય ત્યારે સ્વતંત્ર સાહેદોની હાજરી મળી આવવાની શકયતા રહેલી હોય આ પોલીસ સાહેદના પુરાવાને સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવુ આવશ્યક જણાય આવે છે. વધુમાં જયારે પંચનામાના બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે અન્ય સ્વતંત્ર સાહેદોનુ સમર્થન આવશ્યક જણાય આવે છે. વધુમાં આ સાહેદે પોતાની ફરજના ભાગ રુપે આરોપી વિરુધ્ધ દાખલ થયેલ સી.આર.પી.સી. ક.૪૧(૧)(ડી) મુજબની તપાસ કરેલી છે પંરતુ તેમ છતાં આ સાહેદે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો સ્વતંત્ર સાહેદ મળી આવવાની શકયતા હોવા છતાં નોંધેલ નથી ત્યારે સાહેદે કરેલી તપાસ પણ શંકાસ્પદ જણાય આવે છે.

(૧૯) ફરીયાદપક્ષ તરફે ત.ક.અમ.પી.ડબલ્યુ નં.૧૫ સુરેશચંદ્ર શનાલાલ વરીઆને આ કામે આંક.૪૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે,તેઓ હાલોલ પો.સ્ટશન મા સને-૨૦૧૭ મા પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આ ગુનાની તપાસ પી.એસ.ઓ એ અમોને સોપતા અમોએ તપાસ સંભાળી લીધેલ અને ત્યારબાદ ગુનામા ચોરીમા ગયેલ વાહનો એલ.સી.બી પોલીસે -૪૧(૧)ડી કરેલ હોય જે વાહનો હાલોલ પો.સ્ટે ગુનાના

કામે મુદામાલ પાવતી ફાડી ફરીયાદીઓને બોલાવી ફરીયાદીઓ રુબરુ વાહનોની ઓળખ કરાવતા ફરીયાદીઓએ પોતાનાા વાહનો જે ચોરીમા ગયેલ તે વાહનો ઓળખી બતાવતા ગુના ના કામે ચોરીમા ગયેલ ફરીયાદીઓને સાથે રાખી ગુનાવાળી જગ્યાનુ પંચો રુબરુ પંચનામુ તૈયાર કરેલુ તેમને આંક-૨૭ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યા નું બતાવતા તેમા પંચોની તેમના રુબરુ અને રુબરુ તરીકે તેઓએ સહી કરેલી છે જે તેઓ ઓળખી બતાવી પંચનામા પંચો રુબરુ કરેલા છે.ગુનામાં ચોરી થયેલ અને ત્યારબાદ કબજે કરવામા આવેલ મારુતિ ફ્રંટી કારના ફરીયાદી ની રુબરુમા ઓળખ પંચનામા ફરીયાદી ની રુબરુ તૈયાર કરવામા આવેલ છે તેઓને માર્ક-૨/૧૦ નુ પંચનામુ બતાવતા જેમા તેમના રુબરુ પંચોની તથા રુબરુ તરીકે તેમની સહી થયેલ છે જે તેઓ  ઓળખી બતાવી  જે રજુ <u>દા.આંક-૪૨</u> થી રજુ કરેલ છે. વધુમાં ફરીયાદીએ તેની ફરીયાદ સાથે મારુતિ ફ્રન્ટી કારની ની આર.સી.બુકની નકલ,તથા વીમા પોલીસી  રજુ કરેલી જે આ કામે આંક-૧૫ તથા ૧૬ થી રજુ કરેલ છે. તે જ રીતે તેઓએ આ ગુના ના કામમાં ઈ.પી.કો.ક. ૪૧૩,૧૧૪ નો ઉમેરો કરવા માટે રીપોર્ટ કોર્ટમા આપેલ તેની ઓફીસ કોપી માર્ક- ૩/૪ ની બતાવતા તેમા તેમની સહી થયેલી છે જે તેઓ ઓળખી બતાવી જે રજુ <u>દા.આંક-૪૩</u> થી રજુ કરેલ છે.  વધુમાં સાહેદ જણાવે છે કે, પી.એસ.ઓ હાલોલ નાઓએ આ ગુનાના કામમા સુચિપત્ર તૈયાર કરેલ માર્ક-૨/૧ નુ સુચિપત્ર જોઈને કહુ છું કે તેમા પી.એસ.ઓની સહી થયેલ છે જે તેઓ  ઓળખી બતાવી જે રજુ <u>દા.આંક-૪૪</u> થી  તથા આ કામે પી.એસ.ઓ એ તપાસ સોપ્યાનો હુકમ આ કામે માર્ક-૨/૩  થી રજુ છે જેમા પી.એસ.ઓ ની સહી થયેલ છે જે તેઓ ઓળખી બતાવી જે રજુ <u>દા.આંક-૪૫</u> થી તથા તે જ રીતે આરોપી મહંમદ સાદીક ની શરીર સ્થિતીનુ પંચનામુ તેઓએ પંચોની હાજરી મા કરેલુ છે માર્ક-૦૨/૧૨ નુ પંચનામુ જોઈ ને કહુ છુ કે તેમા રુબરુ તરીકે પંચોની તથા તેમની સહી થયેલ છે જે રજુ <u>દા.આંક-૪૬</u> થી રજુ કરેલ છે. વધુમાં સાહેદ કોર્ટ રુબરુ

આરોપીઓને ઓળખી બતાવી અને તે જ હોવાનુ જણાવે છે.અને આરોપી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસ દરમ્યાન આ ગુનાના આરોપીઓને વાહન ચોરી કરતા કોઈપણ સાહેદે જોયેલ હોય તેવા કોઈ સાહેદ મળી આવેલ નથી. તે વાત ખરી છે કે, તેઓ ઈ.પી.કો.કલમ ૪૧૩ની જોગવાઈથી વાકેફ છે. તે વાત ખરી છે કે તેમની તપાસ દરમ્યાન આરોપીઓએ ચોરીના માલનો ધંધો કર્યો હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નથી. તે વાત ખરી છે કે, તેઓએ આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કરેલ નથી. અને જુદા જુદા પંચનામા પંચોની હાજરીમાં તૈયાર કરેલ ન હોવાનુ અને સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખેલ ન હોવાનુ તેમજ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી રીતે અટક કરી ચાર્જશીટ કરેલ હોવાનો ઈન્કારી કરેલ છે. આમ, આ પોલીસ સાહેદે પોતાની ફરજના ભાગ રુપે ગુનાની તપાસ કરેલી છે અને ગુનાના કામમાં ચોરીના વાહનો જે એલ.સી.બી. પોલીસ ગોધરાનાએ કરેલા તેનો કબજો મેળવી મુદ્દામાલ પાવતી ફાડી ફરીયાદી તથા સાહેદોની હાજરીમાં વાહનોની ઓળખના પંચનામાઓ કરેલા છે તેમજ વાહનને લગતા દસ્તાવેજો કબજે કરેલા છે, ઉમેરો કરવા રીપોર્ટ કરેલ છે ત્યારે આ સાહેદને બનાવની કોઈ અંગત માહીતી નથી. વધુમાં તેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે બનાવને નજરો જોનાર કોઈ સાહેદ મળી આવેલ નથી. વધુમાં એવી પણ હકીકત કબુલ કરેલ છે કે, મારી તપાસ દરમ્યાન આરોપીઓએ ચોરીના માલનો ધંધો કરેલ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નથી ત્યારે ઈ.પી.કો.કલમ ૪૧૩ ના આવશ્યક તત્વો સંતોષાતા નથી તેવુ સ્પષ્ટ થતુ હોવા છતાં સાહેદે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ ૪૧૩ ના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ

છે. વધુમાં આ સાહેદે પણ આરોપીઓને અટક કર્યાના તેમજ આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરવાના બનાવ સબંધે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલા નથી. ત્યારે આ સાહેદે કરેલી તપાસ એકતરફી અને શંકાસ્પદ હોવાને માનવાને કારણ રહે છે.

(૨૦) ઉપરોકત સમગ્ર હકીકતે ફરીયાદ હકીકતે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનુ તુલનાત્મક વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે, આરોપીઓ વિરુધ્ધ ફરીયાદી તથા સાહેદોના વાહનોનો ચોરી કરવા સબંધે તેમજ ચોરેલા વાહનનો ધંધો કરવા સબંધે ફરીયાદી જાહીદ હુસેન કુરેશી તથા અન્ય સાહદોએ બનાવની કોઈ અંગત માહીતી નથી તેઓએ બનાવ બનતા જોયેલ નથી. વધુમાં તેઓએ વાહનની ચોરી કોણે કરેલી તે સબંધે સોગંદ ઉપર પુરાવો આપ્યો ત્યાં સુધી કોઈ હકીકત જાણવા મળેલી નથી. માત્ર આ ફરીયાદી તથા સાહેદોના વાહનો રાત્રીના સમય દરમ્યાન ચોરી થયેલ હોવાનુ અને ચોરી થયા બાદ થોડા સમય પછી પોલીસે તે કબજે કરેલ હોવાનુ અને કોર્ટે તે વાહનનો વચગાળાનો કબજો ફરીયાદી સાહેદને પરત સોંપેલ હોવાનુ જણાય આવે છે તેથી વિશેષ કાંઈ જણાય આવતુ નથી તે જ રીતે આરોપીઓએ પુર્વ બાતમીને આધારે બે પંચોની હાજરીમાં જાહેર જગ્યાએ વોચમાં રહી આરોપીઓને અટક કર્યાનુ તેમજ આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલ વાહનો કબજે કર્યાનુ તે જ રીતે આરોપી શાહરુખ મકરાણી પોલીસ સ્ટેશનમાં હાજર છે તે દરમ્યાન તે ચોરી કરેલા વાહનો બતાવવા માંગતો હોય તે અંગે બે પંચોની

હાજરીમાં કરેલ પ્રાથમિક પંચનામુ અને ત્યારબાદ રેગ્યુલર પંચનામાની વિગતે આરોપીએ તેનુ ઘર બતાવતા ત્યાંથી ચોરીના નવ વાહનો કબજે કર્યાના તથા આરોપીઓની શરીર સ્થિતિના પંચનામાના પંચ સાહેદો રાકેશ શાહ તથા સફરુદ્દીન મકરાણી, મકસુદ હયાત તથા સુલેમાન મીંઢી તથા સાહીદ દેલોલીયા તથા ઈશાહક પાડવા કે જેઓ ફરીયાદપક્ષના સ્વતંત્ર પંચ સાહેદો ગણી શકાય પરંતુ તેઓએ પણ પંચનામાની વિગતોને બિલકુલ સમર્થન આપેલ નથી પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલાનુ જણાવતા ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ પણ તેઓએ પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી ત્યારે પંચનામાની વિગતે આરોપીઓની અટક કે મુદ્દામાલ રીકવરી પુરવાર થતી નથી. વધુમાં પુર્વ બાતમીને આધારે પંચો સાથે વોચમાં રહેલા આરોપીઓને અટક કર્યાના અને આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કર્યાના પોલીસ સાહેદ વિપુલ પંડયા, કિરણસિંહ સોલંકી, દલપત ચૌહાણ,અભેસિંહ રાઠવાનો પુરાવો જોતાં સાહેદ અભેસિંહ રાઠવાએ તો આરોપી વિરુધ્ધ દાખલ થયેલ સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) તપાસ કરેલી છે પંરતુ આ તમામ સાહેદોનો પુરાવો વંચાણે લેતાં પંચનામાની વિગતે આરોપીઓને અટક કરવામાં આવ્યા અને આરોપીઓ પાસે મુદ્દામાલ વાહન કબજે કરવામાં આવેલ તે જગ્યા જાહેર જગ્યા છે અને પંચનામાનો સમય જોતાં તે જગ્યએ સ્વતંત્ર સાહેદોની તે સમયે હાજરી હોવાનુ માનવાને સ્પષ્ટ કારણ રહે છે પરંતુ તેમ છતાં આવા કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ

નથી કે સ્વતંત્ર સાહેદોને પોલીસ સાહેદોના પુરાવાના સમર્થનમાં કોર્ટમાં બોલાવી ફરીયાદપક્ષે સાહેદ તરીકે તપાસવામા આવેલ નથી. તે જ રીતે ત.ક.અ. પી.એસ.આઈ., એસ.એસ.વરીઆનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતાં પણ સ્પષ્ટ થાય છે કે, તેઓને બનાવની કોઈ અંગત માહીતી નથી. તેઓએ આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરેલ નથી તેમજ તેઓને ચોરીનો બનાવ નજરે જોનાર કોઈ સાહેદ તપાસ દરમ્યાન મળી આવેલ નથી. તે જ રીતે તેઓને તપાસ દરમ્યાન આરોપીએ ચોરીના માલનો ધંધો કર્યો હોય તેવો પણ કોઈ પુરાવો મળી આવેલ નથી તેમ છતાં આ સાહેદે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ ૪૧૩ ના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે અને પોતે રજુ કરેલ ચાર્જશીટ થી તદ્દન વિરુધ્ધની હકીકત સાહેદ તેની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે ત્યારે આ ત.ક.અ.ની તપાસ એક તરફી અને નિષ્પક્ષ અને તટસ્થ જણાય આવતી નથી. વધુમાં આરોપી તરફે ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ ઈશાહક મહંમદ પાડવાને આંક.૨૬ થી તપાસેલ છે અને તેઓને ગુનાવાળી જગ્યાનુ પંચનામ આંક.૨૭ થી રજુ કરેલ છે જે પંચનામુ વંચાણે લેતાં ફકત ગુનાવાળી જગ્યાની સ્થળ સ્થિતિ જણાય આવે છે તેથી વિશેષ આરોપીઓને ગુનામાં સંડોવતી કોઈ હકીકત જણાય આવતી નથી. તે જ રીતે ત.ક.અ.એ તેમના સોગંદ ઉપરના પુરાવામાં આંક.૪૬ થી અન્ય આરોપી મહંમદ શાદી મહંમદ હનીફ પઠાણની શરીર સ્થિતિનું પંચનામુ રજુ કરેલ છે પરંતુ આ પંચનામાના કોઈ પંચ સાહેદોને તપાસવામાં આવેલા નથી. તે જ રીતે આવા કોઈ આરોપી આ ગુનામાં આરોપી હોવાનુ પણ

ચાર્જશીટ વંચાણે લેતાં પણ જણાય આવતુ નથી. તે જ રીતે ત.ક.અ.એ આંક.૪૨ થી ફરીયાદી ઝાહીદહુસેન અબ્દુલજબ્બાર કુરેશીએ પો.સ્ટેશનમાં કબજે થયેલી મારુતી ફ્ન્ટી કાર ઓળખી બતાવ્યાનુ પંચનામુ રજુ કરેલ છે પરંતુ આ પંચનામાના પંચ સાહેદોને તપાસેલા નથી છતાં આ પંચનામુ વંચાણે લેતા ફકત ચોરીમાં ગયેલ મુદ્દામાલ મારુતી કાર ફરીયાદીએ પો.સ્ટે.માં ઓળખી બતાવેલ છે તેથી વિશેષ આરોપીને સંડોવતી કોઈ હકીકત પંચનામામાંથી જણાય આવતી નથી. વધુમાં ત્યારબાદ એ.જી.પી. શ્રીએ આંક.૪૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓએ વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી હકીકત જાહેર કરેલ છે તેથી ફરીયાદી પક્ષ તરફે વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ થઈ શકેલ નથી.

આમ, સમગ્ર હકીકતે આ કામના આરોપીઓએ તા: ૧/૧/૧૭ ના કલાક ૨૨–૦૦ થી તા: ૨/૧/૧૭ ના કલાક ૬–૦૦ દરમ્યાન મોજે પાવાગઢ બાયપાસ રોડ ઉપર કે.જી.એન.પાર્ક મોતીમહલ હોટલની પાછળ હાલોલ મુકામે જઈ આ કામના ફરીયાદી ઝાહીદહુસેન અબ્દુલજબ્બાર કુરેશી, રહેવાસી– પાવાગઢ બાયપાસ રોડ, કે.જી.એન.પાર્ક, મોતી મહલ હોટલની પાછળ, હાલોલનાઓની માલિકીની ગાડી નં. જી.જે. ૦૬ એબી ૨૫૬ જેનો એન્જીન નંબર 2019725 તથા ચેસીસ નં. 1435471 જે મોડલ સને ૨૦૦૦ નું જેની કિંમત રૂા. આશરે ૪૫,૦૦૦/– ફરીયાદીની જાણ બહાર અપ્રમાણીક ઈરાદાસર તે મારુતી કાર ચોરી કરી લઈ ગયેલ હોવાનુ અને તે મારુતી કાર ચોરીની હોવાનુ જાણવા છતાં આરોપીઓએ અન્ય

વ્યકિતને વેચાણ આપી ચોરીના વાહનનો ધંધો કરેલ હોવા આક્ષેપીત ગુનાઓ નિ:શંક રીતે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે અને બીજી તરફ પોતાના વિરુધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તેવી બચાવની હકીકત આરોપી પક્ષ સાહેદોની ઉલટ તપાસ શકયતાઓની સંભવીતતાાઓને આધારે સફળ થયેલ હોય તેવા સંજોગોમાં આ કામના આરોપીઓને આક્ષેપીત ગુનાઓમાંથી પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય મુદૃા નં.૧ નો જવાબ નકારમાં આવી મુદૃા નં.ર પરત્વે આખરી હુકમ ફરમાવુ છું.

**<u>–:: આ ખ રી હુ ક મ :–</u>**

(૧) આ કામના આરોપી નં.(૧) શાહરુખખાન ફીરોજખાન મકરાણ રહે. ટેકરા ફળીયુ,બાસકા,તા.હાલોલ,જિ.પંચમહાલ તથા આરોપી નં.(ર) આમીર ઉર્ફે તન્નુ ઉર્ફે તનવીર મહેબુબખાન પઠાણ, રહે.ખોખર ફળીયુ, હાલોલ, તા.હાલોલ, જિ.પંચમહાલ નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–ર૩પ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૭૯, ૪૧૩, ૪૧૧,૧ર૦(બી), સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ ગુનાના કામમાં પોલીસે કબજે કરેલ ફરીયાદી ઝાહીદહુસેન અબ્દુલજબ્બાર કુરેશીની માલીકીની ગાડી નં. જી.જે. ૦૬ એબી રપ૬ જેનો એન્જીન નંબર 2019725 તથા ચેસીસ નં. 1435471 જે મોડલ સને ર૦૦૦ નું જેની કિંમત રૂા.આશરે ૪પ,૦૦૦/– કે જેનો વચગાળાનો કબજો કોર્ટે ફરીયાદીને સોંપવા હુકમ કરેલ છે તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

(૩) આ કામના દરેક આરોપીએ અપીલના સમય માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમઅ૪૩૭(એ) ની જોગવાઈ મુજબ અપીલના સમય માટે રૂા.૧૦,૦૦૦–૦૦ ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવો અથવા જુના જામીનદારોએ અપીલના કામ માટે જામીન તરીકે ચાલુ રહેવા સંમતી આપતી પુરસીસ રજુ કરવી તેવો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓ બંને આ ગુનાના કામમાં જયુડીશીયલ કસ્ટડીમા છે માટે આરોપીઓને જેલ મુકત કરવા માટે જેલરશ્રી,સબજેલ ગોધરાને યાદી ઈસ્યુ કરવી.

હુકમ આજ તારીખ–૨૬,માહે–ફેબ્રુઆરી,સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.હાલોલ.
તા:૨૬/૦૨/૨૦૧૮.

(અતુલકુમાર વિનોદભાઈ હીરપરા)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
પંચમહાલ, મુ. હાલોલ.
CODE-GJ00656

D.O.RANA